પોલીસ કમિશનરની કચેરી, શાહીબાગ, અમદાવાદ શહેર
ફોન નં- ૦૭૯-૨૫૬૨૦૦૫૩, email: lb-cp-ahd@gujarat.gov.in

ક્રમાંક . જા/૬૫૬/નવરાત્રિ જાહેરનામું/૪૩૦૬/૨૦૨૩ તા: ૯/૧૦/૨૦૨૩

## જા હે ર ના મું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં વર્ષ-૨૦૨૩ના નવરાત્રિના તહેવાર દરમ્યાન ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૩(એન), ૩૬(ઈ), (એ) અને ૩૮ હેઠળ મળેલ સત્તાની રુએ હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર આથી ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં **તા:૧૫/૧૦/૨૦૨૩ થી તા:૨૪/૧૦/૨૦૨૩ સુધી,** નવરાત્રિના ૦૯ દિવસ તથા દશેરાના ૦૧ દિવસ દરમ્યાન રાત્રિના કલાક: ૧૦:૦૦ થી કલાક ૧૨:૦૦ વાગ્યા સુધી રાસ-ગરબા કે અન્ય કોઈપણ કાર્યક્રમમાં માઈક સિસ્ટમ /લાઉડ સ્પીકર/પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે. રાત્રિના કલાક: ૧૨:૦૦ પછી માઈક સિસ્ટમ /લાઉડ સ્પીકર/પબ્લીક એડ્રેસ સિસ્ટમ ચાલુ રાખી શકાશે નહીં. માઈક સિસ્ટમ /લાઉડ સ્પીકર/પબ્લીક એડ્રેસ સિસ્ટમ ઉપયોગ નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંન્ટ્રોલ) રુલ્સ-૨૦૦૦ ની કલમ-૫(૨)(૩) ની જોગવાઈઓને આધિન તથા ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના તા:૨૫/૦૯/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક: ENV-10-2016-133-T.cell-iii ની જોગવાઈ મુજબ અત્રેની પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેરના જા.ના.ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેક્શન ધ્વનિ/૧૦૨/૨૦૨૨, તા:૧૮/૦૯/૨૦૨૩ મુજબ રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે. Silent Zone ની આસપાસ માઈક સિસ્ટમ /લાઉડ સ્પીકર/પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહીં.

### -: અમલવારીનો સમય :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા:૧૫/૧૦/૨૦૨૩ના ક.૦૦:૦૦ થી તા:૨૪/૧૦/૨૦૨૩ના ક.૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

### -:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

### :-શિક્ષા :-

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧, ૧૩૪, ૧૩૫, ૧૩૬ અને ભારતીય ફોજદારી અધિનિયમ- ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**-: જાહેર વિજ્ઞાપન :-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેને નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન ઉપરથી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ રોજ તારીખ : ૦૯/૧૦/૨૦૨૩ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તારીખ:૦૯/૧૦/૨૦૨૩

સ્થળ: અમદાવાદ

COMMISSIONER OF POLICE A'BAD CITY

(જી.એસ.મલિક)

પોલીસ કમિશનર

અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

૧.મેનેજરશ્રી સરકારી પ્રેસ અને સ્ટેશનરી વિભાગ, વડોદરા

૨. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર

૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા, પોલીસ ભવન, ગાંધીનગર.

૪. કલેક્ટરશ્રી, જીલ્લા કલેક્ટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ

૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ (૫ નકલ )

૬. રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ ભદ્ર, અમદાવાદ (૫ નકલ )

૭. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ધીકાંટા, અમદાવાદ (૨૫ નકલ )

૮. મ્યુનીસીપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર

૯. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સીવીલ અને મેટ્રોપોલીટનની કોર્ટ, અમદાવાદ શહેર

૧૦. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર

૧૧. માહીતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર ( ૨ નકલ)

**નકલ રવાના :**

૧. સં.પો.કમિ.શ્રી, સેકટર-૨, અમદાવાદ શહેર

૨. અધિક પો.કમિ.શ્રી, સેક્ટર-૧, ક્રાઈમ, વિશેષ શાખા, અમદાવાદ શહેર

3. નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧ થી ૭, અમદાવાદ શહેર

૪.તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક,અમદાવાદ શહેર.

૫. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, એ થી એન ડીવીઝન, અમદાવાદ શહેર

૬. જન સંપર્ક અધિકારીશ્રી, કન્ટ્રોલ રુમ, અમદાવાદ શહેર

૭. તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર

/- જાણ સારુ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારુ

૮. મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક (વહીવટ) શાખા, અમદાવાદ શહેર (૮ નકલ )

/- ટ્રાફીક મોબાઈલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારુ